**GJVD020212802018**

**ગુ.મુ. નં. 17380–2018**

<u>**આંકઃ૧ લગત હુકમ**</u>

મજકુર કામે આજરોજ વિ.એ.પી.પીશ્રીએ **આંકઃ ૧૦** ની પુરસીસ રજુ કરી સદર કામ પરત ખેંચતા હોવાની જાહેરાત કરેલ છે. અને સદર કામે નામ.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનો એકસ્ટ્રા ચિટનીશ શાખા, જિલ્લા મેજીસ્ટ્રેટ ની કચેરી, કોઠી કંપાઉન્ડ, વડોદરાનો જા. ન. **ઈસી/આર્મ્સ/વશી/૩૦૧૩–૩૦૧૯/૨૦૨૩, તા. ૦૫/૦૯/૨૦૨૩**નો કેસો પરત ખેંચવા સબબનો હુકમ રજુ થયેલ છે. વિ એ.પી.પી. શ્રી દ્વારા કેસ પરત ખેંચવા અરજ ગુજારેલ હોય જે પૈકી હાલનો એક કેસ છે. સી.આર.પી.સી. કલમ ૩૨૧ ની જોગવાઇ વંચાણે લેતા તથા જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરાનો મજકુર હુકમ વંચાણે લેતા વિ.એ.પી.પી.શ્રીની સદર પુરસીસ રેકોર્ડ કરવા પાત્ર જણાતી હોઇ સદર **આંકઃ ૧૦** ની પુરસીસ રેકર્ડ કરી જીલ્લા મેજીસ્ટ્રેટના હુકમને આધીન સદર કામે આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા ન હોય, સદર કેસ ઘણા લાંબા સમયથી પેન્ડીંગ છે તેમજ અત્રેની કોર્ટમાંથી વખતો–વખત પ્રોસેસ ઇસ્યુ કરવા છતાં સદર પ્રોસેસ વગર બજે બજવણી કરનાર/જવાબદાર અધિકારી નાં શેરા સાથે વગર બજે/વગર અમલે પરત ફરેલ હોવાનુ રેકર્ડ પરથી જણાઇ આવે છે. તમામ હકિકતોને ધ્યાને લઇ સી.આર.પી.સી. કલમ ૩૨૧ ની જોગવાઇ અંતર્ગત એ.પી.પી.શ્રી ની વિથડ્રો પુરશીસ મુજબ હાલનો કેસ ફેંસલ કરવામાં આવે છે. અને આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કેસમાં જો કોઇ કબજે બીન કિંમતી મુદામાલ કબજે લેવામાં આવેલ હોય તો તેની અપીલ સમય બાદ નિયમ મુજબ કાર્યવાહી કરવી. અને જો કોઇ કિંમતી મદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો નિયમ મુજબ ઈન્કવાયરી કરી, હકકદાર વ્યક્તિને સદર કેસનો મુદામાલ પરત સોંપવાની કાર્યવાહી કરવી અને જો ૬ (છ) માસની અંદર સદર કેસના મુદ્દામાલ બાબતે કોઈ હકકદાર કે દાવેદાર વ્યકિત હાજર ન થાય તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૮ અન્વયે કિંમતી મુદ્દામાલ નિયમ મુજબ વેચાણ કરી અને તેના વેચાણની ઉપજની રકમ સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ નેશનલ લોક–અદાલત(સ્પે. સીટીંગ)માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૯/૨૦૨૩
સ્થળ– વડોદરા.

( હર્ષ કિશોરભાઈ દાસાણી )
(ઇન્ચા.)પાંચમા એડી. સીવીલ જજ અને જ્યુડી. મેજી. ફ .ક,
વડોદરા.
(જજ કોડ જી.જે.૦૧૬૨૯)